અપીલ અરજી નં.૩૪૫ તા.૨–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી સંજય રમાશંકર મિશ્રા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજય રમાશંકર મિશ્રાની તા.૨૯–૧૨–૧૦ ની અરજીથી મનપા ધ્વારા ગટર અને પાણીના જોડાણ કાર્ય માટે અસ્લમ અને રેસીડેન્સીયલ, કોમર્શીયલ અને ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોના શું ભાવ નકકી કરવામાં આવે છે તેની અલગ અલગ જાનકારી આપવા વિનંતી. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૪૫/૨૦૧૦–૧૧

શ્રી સંજય રમાશંકર મિશ્રાની તા.૨૯–૧૨–૧૦ ની અરજીથી (૧) મનપા ધ્વારા ગટર અને પાણીના જોડાણ કાર્ય માટે અસ્લમ અને રેસીડેન્સીયલ, કોમર્શીયલ અને ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોના શું ભાવ નકકી કરવામાં આવે છે તેની અલગ અલગ જાનકારી આપવા વિનંતી. વિ. મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ જ પ્રતિભાવ મળેલ ન હોવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૮૯ તા.૧૧–૨–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સીટી ઈજનેર તરફથી પત્ર નં. સા.ઝોન/ટેક.૭૩૪ તા.૨૪–૨–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૬૫ તા.૧૨–૧–૧૧ થી જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ વિભાગને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, ડ્રેનેજ કનેકશનના ચાર્જ અંગે થયેલ સા.સ.ઠરાવ નં.૪૭૫/૨૦૦૨ તા.૧–૧૦–૦૨ ના ઠરાવની નકલ , ડ્રેનેજ વિભાગની ડ્રેનેજ કનેકશન માટે સદર ઠરાવ સંદર્ભેની ડીએનજી/આ.નં.૨૧૨૦ તા.૨૨–૭–૦૩ ની નોંધની નકલ,ડ્રેનેજ લાઈન પ્લમ્બરની લાયસન્સ ધારક યાદીની નકલ, સા.સ.ઠ. નં૪૨૦/૯૬ તા.૮–૧૦–૯૬ ના ઠરાવની નકલ, બીપીએમસી એકટની કલમ–૧૪૧ –એએ અન્વયે ૨૦૧૦–૧૧ ના વર્ષમાં લાગુ પાડેલ વોટર અને સુએઝ ચાર્જના પરિશિષ્ટ–૧,૨,૩ અને ૪ ની નકલ, હાઈડ્રોલીક વિભાગ તરફથી ૨૦૦૯–૧૦ ના બીઈ/ડીપ્લોમાં /આઈટીઆઈ/અનુભવી રીન્યુ થયેલ તથા નવા લાયસન્સ પ્લમબરોની યાદીની નકલ, તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઝોન/ટેક./૬૭૮ તા.૨૮–૧–૧૧ ની નકલ તેમજ પત્ર નં.સા.ઝોન/ટેક.૭૩૩ તા.૨૪–૨–૧૧ થી પૂરી પાડેલ માહિતીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૨૯–૧૨–૧૦ ની અરજીથી સાઉથઝોન ઉધનામાં પાણી ગટરના કનેકશનની કામગીરીની જાણકારી બાબતે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને કરવામાં આવેલ. જેના સંદર્ભે ઉધનાઝોન તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૬૫ તા.૧૨–૧–૧૧ થી જાહેર માહિતી અધિકારી ડ્રેનેજને દિન–૧૦ ના વિલંબથી તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નંસા.ઝોન/ટેક./૬૭૮ તા.૨૮–૧–૧૧ થી મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી પૂરી પાડેલ તથા મુદ્દા નં.૧થી ૨ માટે રૂા.૫૦/– ૨૫ નંગ પાના માટે ફી ભરપાઈ કરવા નિયત સમય અવધિ બાદ જણાવેલ તથા તેમાં જણાવેલ મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી પત્ર નં.સા.ઝોન/ટેક./૭૩૩ તા.૨૪–૨–૧૧ થી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. અરજદારની માહિતી માંગતી અરજીના મુદ્દા નં.(૧) મનપા ધ્વારા ગટર અને પાણીના જોડાણ કાર્ય માટે સ્લમ અને રેસીડેન્સીયલ, કોમર્શીયલ અને ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારોના શું ભાવ નકકી કરવામાં આવે છે તેની અલગ અલગ જાણકારી આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ અને ૨ માં માંગેલી માહિતી અંગે ઉધનાઝોનના ઉપલબ્ધ રેકર્ડ અનુસાર માહિતીના પ્રતિ નકલ રૂા.૨/– લેખે કુલ પાના નંગ–૨૫/– માટે રૂા.૫૦/– ભરપાઈ કર્યેથી તેની રસીદની નકલ પાણી વિભાગમાં રજૂ કર્યેથી દિન–૧૦ માં મેળવી લેવા જણાવેલ. વધુમાં ડ્રેનેજ પ્લમ્બરોની લાયસન્સોની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી ડ્રેનેજને તબદીલ કરવામાં આવેલ. અરજદાર તરફથી રસીદ નં.૨૧૨૮૫૪ તા.૧૮–૨–૧૧ થી રૂા.૫૦/– ભરપાઈ કરવામાં આવેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૭૩૩ તા.૨૪–૨–૧૧ થી મુદ્દા નં.૧ અને ૨ની માંગેલ માહિતી પાના નંગ–૨૫ પૂરી પાડવામાં આવેલ. (૨) મહાનગરપાલિકા ધ્વારા ગટર કનેકશનની કામગીરી કયા પ્લમ્બરોને આપવામાં આવે છે તેના લાયસન્સની નકલ આપવા વિનંતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૬૬૫ તા.૧૨–૧–૧૧ થી જાહેર માહિતી અધિકારી ડ્રેનેજ વિભાગને તબદીલ કરેલ. પરંતુ તે માહિતી ઉધનાઝોન તરફથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જેમાં ઉધનાઝોનમાં ડ્રેનેજ લાઈનના પ્લમ્બરોના નામો સામે ટીક પણ કરવામાં આવેલ છે. (૩) ગ્રાહકાને પોતાના કનેકશનો માટે તમારા ધ્વારા પરમીશન આપવામાં આવે છે કે કેમ? જો પરમીશન આપવામાં આવતો હોય તો પબ્લીક પોતાના પ્લમ્બરને કામ આપી શકે કે કેમ? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સદર બાબતે જે તે કનેકશન લેવા હેતુ અરજદારશ્રીઓએ સુરત મહાનગરપાલિકાએ જે પ્લમ્બરોને લાયસન્સ આપેલા છે

તે પૈકીના પ્લમ્બર મારફતે અરજી કરવાની છે. જેને નિયમોનુસાર ચકાસણી કરીને મંજુરી આપવામાં આવે છે. તેવું જણાવેલ છે. (૪) જો સોસા.ના અંદરના ભાગે આવતી ભંગી ગલીમાં કેટલા ફુટ જાડી પાઈપ નાંખવામાં આવે છે. મહાનગરપાલિકાની મેઈન લાઈન આ પાઈપથી કેટલી દુરી પર હશે અને એનો ચાર્જ કોને ભરવામાં આવે છે મહાનગરપાલિકા પ્લમ્બર અને મહાનગરપાલિકા ધ્વારા ફાડેલી રસીદમાં અંદર પાઈપની કિંમત સામેલ છે કે કેમ? તેની આખી માહિતી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગેલ માહિતી મુજબ સોસા.ના અંદરના ભાગે નાંખવામાં આવતા ગટરના પાઈપોનો વ્યાસ સોસા.માં રહેતા રહીશોની સંખ્યા/થનાર જોડાણને આધારે નકકી કરવામાં આવે છે. તેમજ મહાનગરપાલિકાની મુખ્ય લાઈન સાથે જે તે મિલ્કતદારે/સોસા.એ જોડાણ કરવાનું રહે છે. અને તેનો ખર્ચ તે પૈકીનાએ ભોગવવાનો રહે છે. મહાનગરપાલિકાની રસીદમાં પાઈપની કિંમત સામેલ હોતી નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને અપીલ અરજીમાં નહીં મળેલી જણાયેલ માહિતી, જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ તબકકે અરજદારને વિલંબથી પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૯–૯–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કંઈ કરવાનું રહેતુ ન હોય અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારીએ વિલંબથી નાણા ભરાવી આપેલ માહિતી અંગે હવે પછી આરટીઆઈ એકટ અને નિયમોની જોગવાઈ અનુસરી સમય મર્યાદા સાથે જોગવાઈનું પાલન અનુસરવા તકેદારી લેવા પણ જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટીઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન),.....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સંજય આર. મિશ્રા ,